Extra No. 209

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

**Vol. LXVI ] MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખઃ ૨૫ મી ઓક્ટોબર, ૨૦૨૩. ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીવાય/૨૫/એચએફડબલ્યુડી/એનઆરએફ/ઇ-ફાઇલ/૭/૨૦૨૩/૧૪૪૭/ઇ-ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેન્દ્રસિંહ સોલંકી,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The Post Basic Diploma in Nurse Practitioner in Midwifery (NPM) (Regulation of Admission) Rules, 2023**

**પોસ્ટ બેઝિક ડિપ્લોમા ઈન નર્સ પ્રેક્ટિશનર ઈન મિડવાઈફરી (એનપીએમ) (પ્રવેશ નિયમન) નિયમો, ૨૦૨૩ સંબંધી**

**જાહેરનામું**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ઓક્ટોબર, ૨૦૨૩

**ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ, ૨૦૦૭.**

**ક્રમાંકઃ જીવાય/૨૫/એચએફડબલ્યુડી/એનઆરએફ/ઈ-ફાઈલ/૭/૨૦૨૩/૧૪૪૭/ઈ:** ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૩-જા)ની કલમ ૪ સાથે વાંચતા, કલમ ૨૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, પોસ્ટ બેઝિક ડિપ્લોમા ઈન નર્સ પ્રેક્ટિશનર ઈન મિડવાઈફરી અભ્યાસક્રમોમાં પ્રવેશનું નિયમન કરવા માટે, નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.-

આ નિયમો, “પોસ્ટ બેઝિક ડિપ્લોમા ઈન નર્સ પ્રેક્ટિશનર ઈન મિડવાઈફરી (એનપીએમ) (પ્રવેશ નિયમન) નિયમો, ૨૦૨૩ કહેવાશે.

૨. વ્યાખ્યા.-

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) “પ્રવેશ” એટલે ડિપ્લોમા ઈન નર્સ પ્રેક્ટિશનર ઈન મિડવાઈફરી અભ્યાસક્રમમાં ઉમેદવારોનો પ્રવેશ.

(ખ) “પ્રવેશ સમિતિ” એટલે અધિનિયમની કલમ ૨ ના ખંડ (ક) હેઠળ વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે પ્રવેશ સમિતિ.

(ગ) “કોલેજ” એટલે ભારતની નર્સિંગ કાઉન્સિલ અને ગુજરાત રાજ્યમાં ગુજરાત નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્યતા પ્રાપ્ત નર્સિંગ કોલેજ.

(ઘ) “કાઉન્સિલ” એટલે ભારતના નર્સિંગ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૪૭ હેઠળ રચાયેલી ભારતની નર્સિંગ કાઉન્સિલ.

(ચ) “પરામર્શ” એટલે રાજ્ય સરકાર દ્વારા સ્થપાયેલી તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં પોસ્ટ બેઝિક ડિપ્લોમા ઈન એનપીએમ (નર્સ પ્રેક્ટિશનર ઈન મિડવાઈફરી) અભ્યાસક્રમોની તમામ સરકારી બેઠકોના પ્રવેશ અને પ્રવેશ સમિતિ દ્વારા યોજાયેલા પ્રવેશ માટે પરામર્શ.

(છ) “જીએનસી” એટલે ગુજરાત નર્સ, મિડવાઈફ અને આરોગ્ય તપાસનીશ અધિનિયમ, ૧૯૬૮ હેઠળ રચાયેલી ગુજરાત નર્સિંગ કાઉન્સિલ.

(જ) “સહાય કેન્દ્રો” એટલે રજિસ્ટ્રેશન અથવા યથાપ્રસંગ, પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ પ્રક્રિયા માટેની ઉમેદવારોની સુગમતા માટે, જાહેર કરેલા કેન્દ્રો.

(ઝ) “એનપીએમ” એટલે પોસ્ટ બેઝિક ડિપ્લોમા ઈન નર્સ પ્રેક્ટિશનર ઈન મિડવાઈફરી.

(ટ) “લાયકી પરીક્ષા” એટલે પાસ કરેલી બી.એસસી. (નર્સિંગ) અથવા પોસ્ટ બેઝિક બી.એસસી. નર્સિંગ અથવા ડિપ્લોમા ઈન જનરલ નર્સિંગ એન્ડ મિડવાઈફરી (જીએનએમ) પરીક્ષા.

(ઠ) “આરએન અને આરએમ” એટલે કાઉન્સિલ દ્વારા ઠરાવ્યા પ્રમાણે માન્યતા પ્રાપ્ત બેચલર ઓફ નર્સિંગ (બી.એસસી. નર્સિંગ), પોસ્ટ બેઝિક બી.એસસી. નર્સિંગ અથવા ડિપ્લોમા ઈન જનરલ નર્સિંગ એન્ડ મિડવાઈફરી (જીએનએમ) અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હોય તેવી રજિસ્ટર થયેલી નર્સ અને રજિસ્ટર થયેલી મિડવાઈફ સૂચવે છે અને તેની જીએનસીમાં રજિસ્ટર થયેલી નર્સ અને રજિસ્ટર થયેલી મિડવાઈફ તરીકે જીએનસી માં નોંધણી કરવામાં આવે છે.

(૨) આ નિયમોમાં વાપરેલા પણ વ્યાખ્યાયિત ન કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, અધિનિયમમાં તેનો જે અર્થ આપવામાં આવ્યો છે તે જ થશે.

૩. પ્રવેશ માટે ઉપલબ્ધ બેઠકો.-

પોસ્ટ બેઝિક ડિપ્લોમા ઇન એનપીએમ અભ્યાસક્રમમાં પ્રવેશના હેતુ માટે, ઉપલબ્ધ બેઠકોમાં કાઉન્સિલ દ્વારા માન્યતા પ્રાપ્ત સરકારી કોલેજોમાં પોસ્ટ બેઝિક ડિપ્લોમા ઇન એનપીએમ અભ્યાસક્રમની મંજૂર થયેલી બેઠકોનો સમાવેશ થશે.

નોંધ: આખરી ફેરબદલી પ્રક્રિયા શરૂ થયા પછી કોઇ નવી બેઠકો મંજૂર કરવામાં આવે, તો આવી બેઠકો, સંબંધિત શૈક્ષણિક વર્ષ માટે ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૪. પ્રવેશ માટે પાત્રતા:

પ્રવેશ ઇચ્છુક ઉમેદવાર-

૧) ભારતનો નાગરિક હોવો જોઇશે.

૨) જનરલ નર્સિંગ એન્ડ મિડવાઇફરી/ બેઝિક બી.એસસી (એન) લાયકાત/ પોસ્ટ બેઝિક બી.એસસી. (એન)માં ડિપ્લોમા સાથે આર.એન. અને આર.એમ.નું ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજિસ્ટ્રેશન હોવું જોઇશે:

પરંતુ, જે ઉમેદવારો જીએનસીમાં રજિસ્ટ્રેશન થયેલા નથી, તેમણે ગુજરાત રાજ્યમાં હંગામી રજિસ્ટ્રેશન મેળવવાનું રહેશે અથવા જે રાજ્યમાંથી ઉમેદવાર રજિસ્ટ્રેશન થયેલા છે તે રાજ્યમાંથી જીએનસી માં તેમનું રજિસ્ટ્રેશન તબદીલ કરવાનું રહેશે.

૩) પ્રસૂતિ સંભાળમાં ઓછામાં ઓછો બે વર્ષનો ચિકિત્સકનો અનુભવ ધરાવતો હોવો જોઇએ.

૪) નિયમિત પગાર મેળવતા સેવામાં રહેલા કર્મચારીઓ પણ પ્રવેશ માટે પાત્ર ગણાશે અને તેમના સ્વ- ખર્ચે પોસ્ટ બેઝિક ડિપ્લોમા ઇન એનપીએમ અભ્યાસક્રમ માટે જવું પડશે.

(એટલે કે અભ્યાસક્રમનો સમયગાળો રજા તરીકે ગણાશે.)

૫) ઉમર ૩૫ વર્ષથી વધુ હોવી જોઇશે નહિ.

૫. બેઠકોની અનામત.-

(૧) પ્રવેશના હેતુ માટે, મૂળ ગુજરાતના અને નીચેની કક્ષા હેઠળ આવતા ઉમેદવારો માટે બેઠકો અનામત રાખવી જોઇશે:-

| | | |
|---|---|---|
| (ક) | અનુસૂચિત જાતિ: | ૦૭% |
| (ખ) | અનુસૂચિત આદિજાતિ: | ૧૫% |
| (ગ) | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ: | ૨૭% |
| (ઘ) | આર્થિક રીતે નબળા વર્ગ (EWS): | ૧૦% |

સ્પષ્ટીકરણ - અન્ય રાજ્યમાંથી સ્થાનાંતરિત થયેલા હોય તેમના માટે બેઠકોની અનામત લાગુ પડશે નહિ.

(૨) અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારે, ઉમેદવાર જે મૂળ જાતિનો હોય તેનું જાતિ પ્રમાણપત્ર રજૂ કરવું જરૂરી રહેશે:

પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે, જાતિ પ્રમાણપત્ર ઉપરાંત ઉન્નત વર્ગ (ક્રિમી લેયર)માં સમાવેશ થતો નથી તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું જરૂરી જોઇશે.

(૩) રાજ્ય સરકાર દ્વારા સત્તા આપેલા સક્ષમ સત્તાધિકારીએ તેને યોગ્ય રીતે સહી કરેલું, સિક્કો મારેલું, અને કાઢી આપેલું હોય તે સિવાય, કોઇપણ જાતિ પ્રમાણપત્ર માન્ય રહેશે નહિ.

(૪) ગુજરાત સરકાર દ્વારા સત્તા આપેલા સક્ષમ સત્તાધિકારીએ તેને યોગ્ય રીતે સિક્કો મારેલું, સહી કરેલું અને કાઢી આપેલું હોય તે સિવાય, ઉન્નત વર્ગ (ક્રિમી લેયર)માં સમાવેશ થતો નથી તે મતલબનું કોઇપણ પ્રમાણપત્ર માન્ય રહેશે નહિ. આવા પ્રમાણપત્રની માન્યતા, રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ મુજબ રહેશે.

(૫) કોઇ ઉમેદવાર, નિયત સમયની અંદર પેટા-નિયમ (૪) હેઠળ ફરમાવ્યા પ્રમાણે પ્રમાણપત્રો રજૂ કરવામાં ચૂક કરે, તો તેની ઉમેદવારી, બિન-અનામત વર્ગ(કક્ષા) હેઠળ પ્રવેશ માટે વિચારણામાં લેવી જોઇશે.

(૬) અનામત વર્ગનો કોઇ ઉમેદવાર, ગુણવત્તા ક્રમમાં બિન-અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવે તો, તેને, તેની પસંદગી અનુસાર બિન-અનામત બેઠક પર પ્રવેશ આપી શકાશે.

(૭) અનામત બેઠક ઉપર અનામત વર્ગના કોઇ ઉમેદવારનો પ્રવેશ, આ અર્થે રાજ્ય સરકારે અધિકૃત કરેલ સત્તાધિકારી દ્વારા જાતિ પ્રમાણપત્રની ખરાઇને અધીન રહીને માન્ય ગણાશે. જાતિ પ્રમાણપત્ર ખરાઈ થયેથી અમાન્ય હોવાનું જણાય તે કિસ્સામાં, તેને અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવવાનો હકદાવો કરવાનો અધિકાર રહેશે નહિ અને તેને અગાઉથી પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય, તો આવો પ્રવેશ રદ કરવો જોઇશે.

(૮) સંબંધિત અનામત બેઠકો પરના અનામત વર્ગના તમામ ઉમેદવારોને પ્રવેશ આપ્યા પછી, અનામત વર્ગની બાકી રહેતી બેઠકો, બિન-અનામત વર્ગની બેઠકોમાં તબદીલ કરવી જોઇશે.

(૧) શારીરિક અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારો માટે અનામત.-

શારીરિક અશક્ત (દિવ્યાંગ) વ્યક્તિ: સંબંધિત કાઉન્સિલ દ્વારા વખતોવખત જોગવાઇ કરવામાં આવે તેમ, સરકારી સંસ્થાઓમાં ઉપલબ્ધ બેઠકો પૈકીની ૫% (પાંચ ટકા) બેઠકો, અશક્ત વ્યક્તિઓના અધિકાર અધિનિયમ, ૨૦૧૬ની જોગવાઇઓ અનુસાર નોંધપાત્ર (બેંચમાર્ક) અશક્ત વ્યક્તિઓ માટે અનામત રાખવી જોઇશે. પ્રમાણપત્ર, સક્ષમ તબીબી સત્તાધિકારી પાસેથી મેળવેલું હોવું જોઇશે. પ્રમાણપત્રમાં આવા ઉમેદવારની અશક્તતાનું પ્રમાણ અને અભ્યાસક્રમ હાથ ધરવા માટે આવા ઉમેદવારની યોગ્યતાનો સમાવેશ થવો જોઈશે.

સ્પષ્ટીકરણ.- “અશક્તતા ધરાવતી વ્યક્તિ” એટલે સક્ષમ તબીબી સત્તાધિકારીએ પ્રમાણિત કર્યા પ્રમાણે, કોઇ જાતની અશક્તતાના ચાલીસ ટકા (૪૦%) કરતાં ઓછા નહિ તેટલા પ્રમાણમાં પીડાતી (અશક્તતા ધરાવતી) વ્યક્તિ.

ઉપર્યુક્ત અનામત બેઠકો પર પ્રવેશ, આ અર્થે રાજ્ય સરકાર દ્વારા અધિકૃત કરેલા સક્ષમ સત્તાધિકારી દ્વારા યોગ્ય રીતે આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવાને અધીન રહેશે.

૭. પ્રવેશનું સંચાલન:-

ઉમેદવારોને એક વર્ષ અને છ મહિનાના પોસ્ટ બેઝિક ડિપ્લોમા ઇન એનપીએમ (NPM) અભ્યાસક્રમમાં પ્રવેશ નીચેની રીતે આપવામાં આવશે:

(૧) પ્રવેશ સમિતિએ, રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા અગ્રણી સમાચારપત્રોમાં અને તેની વેબસાઇટ ઉપર અને સમિતિને જરૂરી જણાય તેવા અન્ય માધ્યમો દ્વારા નોંધણીની તારીખ, સહાય કેન્દ્રોની યાદી, દસ્તાવેજો રજૂ કરવા માટે પ્રવેશ ફોર્મ/પીઆઇએન (PIN) કેન્દ્રો બહાર પાડ્યાની તારીખ, નોંધણી ફોર્મ રજૂ કરવાની છેલ્લી તારીખ, ફી માળખું અને અભ્યાસક્રમ જ્યાં ઉપલબ્ધ કરી શકાય તેવી નર્સિંગ કોલેજોની યાદી, કાઉન્સેલિંગ અને ફેરબદલની તારીખ અને આ સંદર્ભે જરૂરી જણાય તેવી અન્ય માહિતી પ્રકાશિત કરવી જોઇશે. સમિતિએ પ્રવેશ પ્રક્રિયાનું સમયપત્રક, જાહેરાત, ગુણવત્તા ક્રમાંકની યાદીની તૈયારી અને તેને જાહેર કરવી અને આ સંદર્ભમાં જરૂરી તેવી અન્ય માહિતી નક્કી કરવી જોઇશે.

(૨) નોંધણીના હેતુ માટે, ઉમેદવારે પ્રવેશ સમિતિએ નક્કી કર્યા પ્રમાણે મુકરર કરેલા કેન્દ્રો મારફતે, નોંધણી ફી અને પીઆઇએન (PIN) નંબર માટે, આવી રકમની ચુકવણી કરવાની રહેશે.

(૩) પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારે પોતાની ઉમેદવારીની નોંધણી કરાવવા માટે, પ્રવેશ સમિતિ દ્વારા નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદામાં, પ્રવેશ સમિતિની વેબસાઇટ પર ઓન-લાઇન અરજી કરવી જોઇશે.

(૪) પ્રવેશ હેતુ માટે, જો ઉમેદવારે એક જ શ્રેણીની બેઠકો માટે એક કરતાં વધુ નોંધણી કરાવી હોય, તો પછીના તબક્કે કરાયેલ નોંધણી ધ્યાનમાં લેવામાં આવશે અને અન્ય નોંધણીઓ રદ થયેલી માનવામાં આવશે.

(૫) જે ઉમેદવારે એકવાર ઓનલાઈન નોંધણી કરાવી હોય અને પોતાની માહિતી સુધારવા અથવા બદલવા માંગતા હોય, તેઓ આવી કોલેજોના નજીકના સહાય કેન્દ્ર પર પ્રવેશ સમિતિની ઓફિસમાં આવી શકે છે. સુધારા અથવા ફેરફારો કરવા માટે, તે સહાય કેન્દ્ર દ્વારા નિષ્ણાતનો સંપર્ક કરી શકશે અને માન્ય દસ્તાવેજી પુરાવા સાથે ફેરફારની જરૂરિયાતને યોગ્ય ઠેરવી શકશે.

(૬) ઓનલાઈન મળેલી અરજીની પહોંચ/પુષ્ટિ મેળવી શકાશે. અરજી કરનારને પહોંચમાં તેની અરજીનો નોંધણી નંબર અને તારીખ આપવી જોઇશે અને તેનો ઉપયોગ, ભવિષ્યના તમામ પત્રવ્યવહારમાં સંદર્ભ તરીકે કરવો જોઇશે અને ગુણવત્તા યાદીમાં પણ ઉપયોગમાં લેવામાં આવશે.

(૭) ગુજરાત સરકારી નર્સિંગ સેવાઓમાં કાર્યરત ઉમેદવારોની સીધી અરજી ધ્યાનમાં લેવામાં આવશે. ઉમેદવારોએ પ્રવેશ સમિતિ દ્વારા નક્કી કરાયેલી નિયત સમયમર્યાદામાં સંબંધિત સત્તાધિકારીને અરજી વિશે જાણ કરવી જોઇશે અને સરકાર તરફથી "ના વાંધા પ્રમાણપત્ર (NOC)" મેળવવું જોઇશે. કાઉન્સેલિંગના સમયે "ના વાંધા પ્રમાણપત્ર (NOC)" રજૂ કરવું ફરજિયાત છે.

૮. રજિસ્ટ્રેશન (નોંધણી) ફોર્મ સાથે રજૂ કરવાના દસ્તાવેજો:-

(૧) ઉમેદવારે ખરાઇ માટે અસલ પ્રમાણપત્રો રજૂ કરવા જોઇશે અને અરજી નમૂના સાથે નીચેના દસ્તાવેજોની સ્વ-પ્રમાણિત નકલો રજૂ કરવી જોઇશે:-

(૧) ધોરણ ૧૨ (એચએસસી)ની લાયકાત પરીક્ષાનું ગુણપત્રક;

(૨) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા તબદીલી પ્રમાણપત્ર;

(૩) એસ.એસ.સી. પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર;

(૪) જીએનએમ (GNM)/ બી.એસ.સી. નર્સિંગ બેઝિકના/ પી.બી.બી.એસસી. (P.B.B.S.C.) નર્સિંગના છેલ્લી પરીક્ષાના તમામ ગુણપત્રકો અને પ્રમાણપત્ર.

(૫) સ્ટેટ નર્સિંગ કાઉન્સિલમાંથી મેળવેલું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર (આર.એન. અને આર.એમ.). તાલીમના સમયગાળા દરમિયાન મિડવાઇફરીનો અભ્યાસ કરવા માટે ઉમેદવારે જે સંબંધિત રાજ્યમાં એનપીએમ(NPM) પ્રોગ્રામમાં નોંધાયેલ હોય ત્યાં કામચલાઉ/ટ્રાન્સફર (તબદીલી)નોંધણી (આર.એન. અને આર.એમ.) મેળવવી જોઇશે.

(૬) બી.એસ.સી.ના કિસ્સામાં, નર્સિંગ અથવા પી.બી.બી.એસ.સી. (P.B.B.Sc.) નર્સિંગ યુનિવર્સિટીનું પદવી પ્રમાણપત્ર;

(૭) રાજ્ય સેવા અથવા પંચાયત સેવા (સેવામાં હોય તેવા ઉમેદવારો) હેઠળના કર્મચારી જે આ અભ્યાસક્રમ કરવા માંગતા હોય તેના કિસ્સામાં, સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલું “ના વાંધા પ્રમાણપત્ર” (N.O.C.);

(૮) પ્રસૂતિ સંભાળમાં નૈદાનિક (ક્લિનિકલ) અનુભવનું પ્રમાણપત્ર;

(૯) અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત આદિજાતિ (ST) અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (SEBC)ના ઉમેદવારો માટે સરકાર દ્વારા તે અર્થે સત્તા આપવામાં આવી હોય તેવા સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલું જાતિનું પ્રમાણપત્ર;

(૧૦) આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે સંબંધિત સત્તાધિકારી પાસેથી મેળવેલું પ્રમાણપત્ર;

(૧૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)ના ઉમેદવારો માટે, આ અર્થે સરકાર દ્વારા સત્તા આપવામાં આવેલા સત્તાધિકારી દ્વારા કાઢી આપવામાં આવેલું, સરકારની પ્રવર્તમાન નીતિ પ્રમાણેનું પરિવારનું નોન-ક્રિમી લેયર પ્રમાણપત્ર;

(૧૨) શારીરિક રીતે અશક્ત ઉમેદવારો માટે, આ હેતુ માટે રચાયેલા મેડિકલ બોર્ડ દ્વારા અથવા અધિકૃત તબીબી અધિકારી દ્વારા કાઢી આપવામાં આવેલું અને યોગ્ય રીતે સહી કરેલું વિકલાંગતાનું પ્રમાણપત્ર;

(૨) ઉમેદવારે, કાઉન્સેલિંગના સમયે, અરજી સાથે જોડેલા મૂળ દસ્તાવેજોની નકલો, ખરાઈ કરવા માટે પ્રવેશ સમિતિ સમક્ષ રજૂ કરવાની રહેશે.

(૩) પ્રવેશ સમિતિને જરૂરી જણાય તેવા કોઈપણ મૂળ દસ્તાવેજો પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી, (તેની પાસે) રાખી શકશે. પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી, પ્રવેશ સમિતિએ, ઉમેદવાર જે કોલેજમાં પ્રવેશ મેળવે, તે કોલેજને સદરહુ દસ્તાવેજો સુપરત કરવા જોઈશે. આવી કોલેજે, વહીવટી પ્રક્રિયા પૂરી થયા પછી, ઉમેદવારને મૂળ દસ્તાવેજો પાછા આપવા જોઈશે.

૯. પસંદગીની પ્રક્રિયા.-

પોસ્ટ બેઝિક ડિપ્લોમા ઈન નર્સ પ્રેક્ટિશનર મિડવાઈફરી (એનપીએમ)-માં પ્રવેશ માટેની પસંદગી પ્રક્રિયા નીચે દર્શાવ્યા મુજબની રહેશે:-

૧. પ્રવેશ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલા પરીક્ષા મંડળ દ્વારા પ્રવેશ પરીક્ષા લેવામાં આવશે. પ્રવેશ પરીક્ષાની ફી, પરીક્ષા મંડળ દ્વારા નક્કી કરવામાં આવશે. પ્રવેશ પરીક્ષા લેખિત અને ઓએસસીઈ (હેતુલક્ષી માળખાગત નિદાનાત્મક પરીક્ષા) પદ્ધતિની રહેશે.

૨. પ્રવેશ માટે ગુણવત્તા યાદી તૈયાર કરવા બાબત:-

ઠરાવેલા નમૂનામાં, ઠરાવેલી સમયમર્યાદાની અંદર પ્રવેશ માટે અરજી કરી હોય અને આ નિયમો હેઠળ પ્રવેશ માટે પાત્ર જણાય તેવા ઉમેદવારોની ગુણવત્તા યાદી, નીચે જણાવેલી રીતે તૈયાર કરવાની રહેશે:-

(૧) પ્રવેશ સમિતિએ નીચે પ્રમાણેની ગુણવત્તા યાદીઓ તૈયાર કરી અને પ્રસિદ્ધ કરવી જોઈશે:-

૧. ગુણવત્તા યાદી પ્રમાણે (પ્રવેશ મેળવવા માટે) પાત્ર ઉમેદવારો. પુરુષ અથવા મહિલા માટે કોઈ અલગ આરક્ષણ આપવામાં આવશે નહિ (પ્રવેશ બધા માટે ખુલ્લો રહેશે).

૨. સરકારી ધોરણો પ્રમાણે અનામત વર્ગ માટેની ગુણવત્તા યાદી.

સ્પષ્ટીકરણ: પ્રવેશ પરીક્ષામાં મેળવેલા કુલ ગુણ, ગુણવત્તા ગુણ નક્કી કરવા માટેનો માપદંડ રહેશે.

(૨) સમાન ગુણવત્તા ગુણો ધરાવનારા ઉમેદવારોના કિસ્સામાં, ગુણવત્તાનો ક્રમ નક્કી કરવા માટેનો માપદંડ, નીચેના ક્રમ પ્રમાણે રહેશે:-

(૧) બેઝિક બી.એસસી (એન)/ પોસ્ટ બેઝિક બી.એસસી (એન)નો ઉમેદવાર.

(૨) બેઝિક બી.એસસી (એન)/ પોસ્ટ બેઝિક બી.એસસી (એન) અથવા ડિપ્લોમા ઈન જનરલ નર્સિંગ એન્ડ મિડવાઈફરી (જીએનએમ)ના અંતિમ વર્ષની લાયકી પરીક્ષામાં વધારે ટકાવારી મેળવનાર ઉમેદવાર.

(૩) બેઝિક બી.એસસી (એન)/ પોસ્ટ બેઝિક બી.એસસી (એન) અથવા ડિપ્લોમા ઈન જનરલ નર્સિંગ એન્ડ મિડવાઈફરી (જીએનએમ)ની લાયકી પરીક્ષામાં, મિડવાઈફરીના થીઅરિના વિષયમાં વધારે ગુણો મેળવનાર ઉમેદવાર.

(૪) જન્મ-તારીખ (વયમાં મોટા હોય તેવા ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે).

(૩) સેવામાં હોય તેવા પસંદગી પામેલા ઉમેદવારોને, નર્સ પ્રેક્ટિશનર મિડવાઈફરી (એનપીએમ) અભ્યાસક્રમમાં જોડાવા માટે વિદ્યમાન નિયમો અને વિનિયમો અનુસાર છૂટા કરવામાં આવશે.

૧૦. ફીના ધોરણો:

(૧) પ્રવેશ મેળવનાર ઉમેદવારે, નીચે પ્રમાણેની ફી ચૂકવવાની રહેશે:-

નર્સ પ્રેક્ટિશનર મિડવાઈફરી (એનપીએમ) અભ્યાસક્રમના ફીના ધોરણો:-

| **અનુ-ક્રમાંક** | **વિગતો** | **ફી (રોકડમાં)** |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧. | પ્રવેશ ફી | રૂ. ૫, ૦૦૦/- (ફક્ત પાંચ હજાર રૂપિયા). |
| ૨. | ટ્યુશન ફી | રૂ. ૧૫, ૦૦૦/- (ફક્ત પંદર હજાર રૂપિયા). |
| ૩. | લાયબ્રેરી ફી | રૂ. ૫૦૦/- (ફક્ત પાંચસો રૂપિયા). |
| ૪. | પરચૂરણ ફી | રૂ. ૫૦૦/- (ફક્ત પાંચસો રૂપિયા). |
| ૫. | હોસ્ટેલ ફી | રૂ. ૧૫, ૦૦૦/- (ફક્ત પંદર હજાર રૂપિયા). |
| | કુલ | રૂ. ૩૬, ૦૦૦/- (ફક્ત છત્રીસ હજાર રૂપિયા) |
| | બાંયધરી-રકમ | રૂ. ૫, ૦૦૦/- (ફક્ત પાંચ હજાર રૂપિયા). |

(૨) ઉમેદવારે ભોજનાલય (મેસ)ની ફી અલગથી ચૂકવવાની રહેશે.

(૩) આ અભ્યાસક્રમ એ સંપૂર્ણપણે કૌશલ આધારિત કાર્યક્રમ છે જેથી, તમામ ઉમેદવારોએ ૨૪×૭ હાજર રહેવું જરૂરી છે.

(૪) નર્સ પ્રેક્ટિશનર મિડવાઈફરી (એનપીએમ) અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર ઉમેદવારોએ, તેઓ જ્યાં પ્રવેશ મેળવે, તે સરકારી નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલની તરફેણમાં બાંયધરી-રકમ જમા કરાવવી પડશે.

(૫) ઓનલાઈન નોંધણી કરાવવા માટે અને પીન (PIN) મેળવવા માટે, ફીની ચૂકવણી કરવી ફરજિયાત છે.

(૬) ઉમેદવારે પ્રવેશ પરીક્ષા ફી અલગથી ચૂકવવાની રહેશે.

૧૧. પ્રવેશ રદ કરવા અને ફી પરત કરવા બાબત:

(૧) અભ્યાસક્રમ પૂરો થયા પછી, રૂ. ૫૦૦૦/-ની અનામત-રકમ (બાંયધરી-રકમ) ઉમેદવારને પરત કરવામાં આવશે. ઉમેદવાર દ્વારા કોઈ નુકસાન કરવામાં આવ્યું હોય, તો જમા કરેલી રકમ પરત કરવામાં આવશે નહિ.

(૨) પ્રવેશ પ્રક્રિયા પૂરી થાય તે પહેલાં ઉમેદવાર પ્રવેશ રદ કરાવે તેવા કિસ્સામાં, પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી જ ચૂકવેલી ફી ઉમેદવારને પાછી આપી દેવામાં આવશે.

(૩) ઉમેદવાર અભ્યાસક્રમ પૂર્ણ ન કરે, તો અથવા અભ્યાસક્રમ વચ્ચેથી જ છોડી દે અથવા ઉમેદવારનો પ્રવેશ રદ કરવામાં આવે, તો કોઈપણ સંજોગોમાં ચૂકવેલી ફી પરત કરવામાં આવશે નહિ.

૧૨. પ્રવેશના માપદંડ:

૧. ઉમેદવારે, (અભ્યાસક્રમમાં) હાજર થવાના સમયે ''શારીરિક યોગ્યતા પ્રમાણપત્ર'' રજૂ કરવાનું રહેશે.

૨. સેવામાં હોય તેવો ઉમેદવાર, શૈક્ષણિક અભ્યાસક્રમ વચ્ચેથી છોડી દે, તો તેવા કિસ્સામાં, સેવામાંથી ગેરહાજરીના સમયગાળાને તેઓની પોતાની રજા તરીકે ગણવામાં આવશે. ઉમેદવાર પાસે પગાર સાથેની રજાની સિલક ન હોય, તો ગેરહાજરીના સમયગાળાને બિન-પગારી રજા તરીકે ગણવામાં આવશે.

૩. ઉમેદવારોને, નર્સ પ્રેક્ટિશનર મિડવાઈફરી (એનપીએમ) અભ્યાસક્રમ દરમિયાન કોઈપણ પ્રકારની રજા મળશે નહિ. ઉમેદવારોને આઈએનસી (ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ)/ જીએનસી (ગુજરાત નર્સિંગ કાઉન્સિલ)ના ધોરણો પ્રમાણે રજા મળશે.

૪. (સેવામાં હોય તેવા ઉમેદવારોના કિસ્સામાં) સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલું ''ના વાંધા પ્રમાણપત્ર'' (એન.ઓ.સી.) ફરજિયાત છે.

૫. પ્રવેશના સમયે સગર્ભા હોય તેવા ઉમેદવારને, સંબંધિત શૈક્ષણિક વર્ષ દરમિયાન તાલીમમાં હાજર રહેવા માટે પાત્ર ગણવામાં આવશે નહિ.

૬. જે ઉમેદવાર તાલીમ દરમિયાન ગર્ભ ધારણ કરે અને જો તેણી સંબંધિત શૈક્ષણિક વર્ષ દરમિયાન અભ્યાસક્રમ પૂર્ણ કરવા સક્ષમ ન હોય, તો તેવા કિસ્સામાં તેણીએ વધુમાં વધુ ત્રણ શૈક્ષણિક વર્ષના સમયગાળામાં અભ્યાસક્રમ પૂર્ણ કરવો જોઈશે.

૭. નર્સ પ્રેક્ટિશનર ઈન મિડવાઈફરી (એનપીએમ) અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી, ઉમેદવારે સરકારની જરૂરિયાત મુજબ કામ કરવું જોઈશે.

૮. અભ્યાસક્રમનું અમલીકરણ ગુજરાત સરકાર, ભારતીય નર્સિંગ કાઉન્સિલ, નવી દિલ્હી અને ગુજરાત નર્સિંગ કાઉન્સિલ, અમદાવાદ દ્વારા ઠરાવવામાં આવેલા ધોરણો મુજબ હોવું જોઈશે.

૯. આખરી પરીક્ષા રાજ્ય નર્સિંગ રજિસ્ટ્રેશન કાઉન્સિલ દ્વારા યોજવામાં આવશે.

૧૩. પ્રવેશ કાર્યરીતિ:-

પ્રવેશ નીચેની રીતે ઓન-લાઈન આપવામાં આવશે:-

(૧) પ્રવેશ સમિતિએ ગુણવત્તા યાદી તૈયાર કરવી જોઈશે.

(૨) ગુણવત્તા યાદી, વેબસાઈટ પર અને સમિતિ અનુકૂળ ગણે તેવા અન્ય માધયમો દ્વારા પ્રદર્શિત કરવી જોઈશે.

(૩) પ્રવેશ સમિતિએ વખતોવખત તેની વેબસાઇટ પર ઓનલાઇન કાઉન્સેલિંગ (પરામર્શ) પ્રોગ્રામનો કાર્યક્રમ પ્રસિદ્ધ કરવો જોઇશે.

(૪) ઉમેદવારે સરકાર દ્વારા નિયત કરેલી ફી ચૂકવવી જોઇશે. ઉમેદવાર ઠરાવેલી સમયમર્યાદામાં ફી ચૂકવવામાં નિષ્ફળ રહે, તો તેને આપેલ પ્રવેશ રદ ગણવામાં આવશે અને ત્યારપછીના યોગ્ય ઉમેદવારને તબદીલ કરવામાં આવશે.

(૫) અનામત કક્ષાના ઉમેદવારને, બિન-અનામત કક્ષામાંના તેના ગુણવત્તા ક્રમ પ્રમાણે, બિન-અનામત જગા પર પ્રવેશ માટે છૂટ આપી શકાશે. આવો ઉમેદવાર અભ્યાસક્રમના અગ્રતાક્રમમાં અનામત કક્ષા(ના ક્રમ) કરતા ઉચ્ચત્તર ક્રમમાં પ્રવેશ મેળવવાને લાયક હોય, તો જ તેને બિન-અનામત કક્ષામાં પ્રવેશ આપવો જોઇશે.

(૬) પોસ્ટ બેઝિક ડિપ્લોમા ઇન નર્સ પ્રેક્ટિશનર ઇન મિડવાઇફરી (એનપીએમ) અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા ઇચ્છતા ઉમેદવારે, આવા અભ્યાસક્રમમાં જવા માટે, રજિસ્ટર થયેલ તબીબી ચિકિત્સકનું શારિરીક યોગ્યતાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ઉમેદવારે, હાજર થવાના સમયે, તેને જ્યાં પ્રવેશ આપવામાં આવ્યો હોય તે સંબંધિત કોલેજના આચાર્યને તે પ્રમાણપત્ર રજૂ કરવું જોઇશે. તેની શારિરીક યોગ્યતાના પ્રમાણપત્ર રજૂ કરવાને અધીન રહીને જ ઉમેદવારનો પ્રવેશ કાયમી કરવામાં આવશે.

(૭) બેઠકો નોંધપાત્ર સંખ્યામાં ખાલી રહે અને પ્રવેશ સમિતિને ખાલી બેઠકો ભરવાનું જરૂરી લાગે તે કિસ્સામાં, બઠકોની ફેરગોઠવણી માટેની પ્રવેશ પ્રક્રિયા કરવી જોઇશે. ઉમેદવાર, ફેરગોઠવણીની પ્રક્રિયા દરમિયાન બેઠકો/ પસંદગીના વિકલ્પોની ફેરગોઠવણી કરી શકશે. બેઠકોની આવી ફેરગોઠવણીમાં, જે ઉમેદવારે ફેરગોઠવણી પ્રક્રિયામાં ભાગ લેવાનો વિકલ્પ પસંદ કર્યો હોય તેને આવા પ્રવેશની પરવાનગી આપવામાં આવશે.

(૮) પ્રવેશ પ્રક્રિયાના અર્થઘટનમાં કોઇપણ શંકાના કિસ્સામાં, પ્રવેશ સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

૧૪. ખોટા દસ્તાવેજો રજૂ કર્યે પ્રવેશ રદ થવો:-

અરજીના નમૂનામાં કરેલ કોઇ નિવેદનો અથવા પ્રવેશ માટેની તેની અરજીના સંબંધમાં ઉમેદવાર દ્વારા આપવામાં આવેલ કોઇ માહિતી/દસ્તાવેજ, કોઇપણ સમયે, ખોટા અથવા ભૂલ ભરેલા અથવા ગેરમાર્ગે દોરનારા જણાય, તો અથવા કોઇપણ સમયે એવું જણાય ઉમેદવારે તેની અરજીના સંબંધમાં કોઇ માહિતી/ હકીકત છૂપાવી છે, તો તેનો પ્રવેશ તે અંગેની કોઇપણ નોટિસ વગર રદ કરવો જોઇશે અને ફી જપ્ત કરવી જોઇશે.

૧૫. અર્થઘટન:- આ નિયમોની જોગવાઇના અમલીકરણમાં અથવા અર્થઘટન અંગે કોઇ મુશ્કેલી અથવા પ્રશ્ન ઉપસ્થિત થાય, તો રાજ્ય સરકાર, પોતાને યોગ્ય લાગે તેવા આદેશો આપી શકશે અને રાજ્ય સરકારનો નિર્ણય આખરી ગણાશે અને તમામ સંબંધિતોને બંધનકર્તા રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પ્રકાશ પટણી,**

સરકારના સંયુક્ત સચિવ.

----------

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.10 21:57:27 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar